**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૧.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૬૭ ટકા

# નવરાત્રી દરમિયાન રોજ નોનસ્ટોપ વિજેતા

## ગાંધીનગરના ભારતીબેન પોપટે વિવિધ અગિયાર ગરબા સ્પર્ધામાં ભાગ લઈ દરેકમાં વિજેતા બની ઈનામ મેળવ્યું

ગાંધીનગર, તા.૧૫

નવરાત્રીમાં ગરબે ઘૂમવાનો શોખ અને તત્પરતા દરેક યુવાનથી લઈ મોટામાં નવરાત્રી દરમિયાન જોવા મળ્યો. રાસ ગરબા રમવા સાથે સ્પર્ધામાં ઉતરી વિજેતા બનવાના અરમાન જે ખેલૈયાઓમાં હોય છે તેઓની વાત પણ અલગ છે. નવે નવ દિવસ ફુલ ટ્રેડિશનલ ડ્રેસ પહેલી સ્પર્ધામાં ઉતરી વિજેતા થવાશે જ અને પ્રોત્સાહન મળશે જ તેજ અરમાનથી શહેરના મહિલા ભારતીબેન પોપટ જે વર્ષોથી શહેર તથા શહેર આસપાસ યોજાતા ગરબા સ્પર્ધામાં ભાગ લે છે.






શહેર સ્થિત ગૃહિણી તથા સામાજીક કાર્યકર્તા ભારતીબેન હેમંતભાઈ પોપટે નવરાત્રી દરમિયાન શહેર તથા શહેરની આસપાસ યોજાતા રાસ ગરબાની જે સ્પર્ધામાં ભાગ લીધો તે દરેક સ્પર્ધામાં વિજેતા રહ્યા હતા તેમણે ૫૪ વર્ષની ઉંમરે ૫૦ વર્ષથી ઉપરની કેટેગરીમાં ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈ વિવિધ સંસ્થાઓ જેવી કે જલારામ સેવા સમાજ, જલારામ મહિલા મંડળ, જયોતિ મહિલા મંડળ ઉપરાંત લાયન્સ કલબ જેવા વિવિધ સ્થળે યોજાયેલ અગિયાર ગરબા સ્પર્ધામાં ભાગ લઈ દરેકમાં વિજેતા બની ઈનામ મેળવ્યું હતું. આ ઉપરાંત અમદાવાદ ખાતે વામા કલબ આયોજીત ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ ગરબામાં ભાગ લઈ સર્ટીફીકેટ મેળવ્યું હતું. ઘરકામ તથા સ્વાસ્થ્ય જાળવણી કરવા સાથે ૫૪ વર્ષની ઉંમરે ગરબા સ્પર્ધામાં ભાગ લઈ વિજેતા બની ભારતીબેન મહિલાઓ માટે 'એઈજ ઈઝ જસ્ટ અ નંબર'નું પરફેકટ ઉદાહરણ પુરું પાડે છે.

## મુવી હાઉસ

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

- **વોર** ૯.૦૦, ૧૨.૨૦, ૧.૨૫, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૧૦.૨૦
- **છીછોરે** ૭.૪૦
- **ડ્રીમગર્લ** ૨.૧૦
- **ધ સ્કાય ઈઝ પિન્ક** ૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૩૦
- **જોકર (અંગ્રેજી)** ૧૦.૪૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
- **જીમીની મેન** ૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૪૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- **વોર** ૯.૧૦, ૧૧.૦૫, ૧૨.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૦૦
- **ધ સ્કાય ઈઝ પિન્ક** ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
- **જીમીની મેન** ૯.૨૦, ૧૧.૫૫, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૪૫
- **જોકર (અંગ્રેજી)** ૧૨.૧૦, ૫.૨૦
- **જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)** ૯.૩૫, ૨.૪૫, ૬.૨૦, ૭.૫૫, ૧૦.૩૦
- **બીજો દિવસ** ૫.૦૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

- **વોર** ૯.૨૫, ૧૧.૩૦, ૧૨.૩૦, ૩.૪૦, ૫.૦૫, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
- **ધ સ્કાય ઈઝ પિન્ક** ૯.૦૫, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૪૦, ૩.૪૦, ૫.૫૦, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
- **જીમીની મેન** ૯.૦૦, ૨.૩૫, ૬.૨૦, ૧૦.૪૫
- **જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)** ૮.૫૫, ૧.૦૦, ૩.૪૦, ૮.૧૦

## ચિરવિદાય

- સ્વ. રાવલ મંગલપ્રસાદ નાનાલાલ, ઉ.વ. ૬૫
- સ્વ. પટેલ કાન્તીલાલ ઈશ્વરલાલ, ઉ.વ. ૭૬

# બેવડી ઋતુનો માર, શહેરીજનોને લગાડે થાક...!!!

ગાંધીનગર, તા.૧૫

શરદપૂનમથી શહેરના વાતાવરણમાં ફેરફાર અનુભવાઈ રહ્યો છે અને હવે મોડી રાત્રીથી તથા પરોઢના સમયે ઠંડીનો ચમકારો શહેરીજનો અનુભવી રહ્યા છે. બીજી તરફ ત્રીજા નોરતા સુધી ચાલેલી વરસાદી સીઝનને પણ ઈનીંગ ડિકલેર કરી દીધા પછી કાઢેલાં વરાંપને પ્રતાપે દિવસે ખાસ કરીને બપોરના સમયે આકરા તડકા સાથે ગરમી અનુભવાઈ રહી છે. જેના કારણે શહેરીજનોને બેવડી ઋતુનો સામનો કરવો પડી રહ્યો છે. બેવડી ઋતુના પગલે શહેરમાં ઋતુજન્ય બિમારીઓમાં વ્યાપક પ્રમાણમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

આયુર્વેદ પ્રમાણે જોઈએ તો અત્યારે ઋતુ સંધિકાળ ચાલી રહ્યો છે જેમાં એક ઋતુ વિદાય લઈ રહી હોય અને બીજી ઋતુનું આગમન થઈ રહ્યું હોય છે. ઋતુ સંધિકાળ મોટે ભાગે બિમારીઓ લઈને આવે છે. કારણકે માનવીનું શરીર બે મૌસમ વચ્ચે સુમેળ સાધવા મથે છે ત્યારે તેની આંતરિક ઉર્જાનો વધુ વ્યય થાય છે જેના કારણે તેની રોગપ્રતિકારક શકિત ઘટે છે. હાલ ગાંધીનગરમાં આ પ્રકારની પરિસ્થિતિના લીધે જ ઋતુજન્ય બિમારીઓનું પ્રભુત્વ વધુ જોવા મળી રહ્યું છે.

એક જ દિવસમાં ઉનાળા જેવી ગરમી અને શિયાળાની ઠંડીનો સામનો શહેરીજનોને કરવો પડી રહ્યો છે. આજે મહત્તમ તાપમાન ૩૬.૮ ડિગ્રી સે. નોંધાયું હતું જે ગઈ કાલે ૩૨ ડિગ્રી સે. હતું જયારે લઘુત્તમ તાપમાન જે ગઈ કાલે ૨૦.૨ ડિગ્રી સે. હતું તે આજે ૨૧.૪ ડિગ્રી સે. નોંધાયું છે. આ જોઈએ તો ૧૨થી ૧૬ ડિગ્રીના તફાવત વચ્ચે શહેરીજનોના શરીરને અનુકુલન સાધવું પડી રહ્યું છે, વળી, ભેજનું પ્રમાણ પણ હજુ વાતાવરણમાં જોવા મળી રહ્યું છે જે સવારે ૭૪ ટકા હતું તે સાંજે થોડુંક ઘટીને ૬૭ ટકા સુધી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજની હાજરીના કારણે માખી-મચ્છર વગેરેની ઉત્પત્તિને બળ મળી રહ્યું છે જે ઘરે ઘરે બિમારીઓ ફેલાવવામાં મહત્વનો ભાગ ભજવી રહ્યા છે.

## ડબલ ઋતુની નાની-મોટી બિમારીઓથી પરેશાની

સતત બેવડી ઋતુના પગલે શહેરીજનોને આળસ, શરીર તુટવું,સતત ઊંઘ આવવી, બગાસાં આવવા, માથું દુ:ખવું, હાથ-પગ, શરીર તુટવું, ઉબકા આવવા વગેરે લક્ષણો વધુ પ્રમાણમાં અનુભવાઈ રહ્યા છે. વળી ગૃહિણીઓને દિવાળીની સાફસફાઈના કામને પગલે ધૂળ-રજકણો, તથા શેપટને કારણે શરદી-ખાંસી સાથે છીંકો આવવી, એલર્જી થવી જેવી તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. આવી નાની મોટી તકલીફોના પગલે વ્યકિતમાં સ્વભાવમાં ચિડિયાપણું અને ગુસ્સામાં વધારો થતો જોવા મળે છે.





સેકટર-૨૧ના મુખ્ય શોપીંગ સેન્ટરમાં ઘણી જગ્યાએ વરસાદી વનસ્પતિ ઉગી નીકળી છે. જેના કારણે મચ્છરો અને જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે. વેપારીએ શોપીંગ સેન્ટરમાં સાફસફાઈ કરવાની માંગ કરી છે.

# પરીક્ષાના ડરથી ગુમ થયેલ કિશોર મહેસાણાથી મળ્યો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે રહેતા એક યુવકે પરીક્ષાના ભયને પગલે રચેલા તરકટમાં પરિવારના સભ્યો બે દિવસ સુધી હેરાન પરેશાન થઈ ગયા હતા. એક પ્રશ્નપત્ર ખરાબ જતા બીજા પેપર પહેલા જ યુવક ગાયબ થઈ ગયો હતો. બે દિવસ બાદ યુવક મહેસાણા એસટી ડેપોમાંથી મળી આવ્યો હતો. જેને પગલે પરિવારના સભ્યો અને મિત્ર વર્તુળ સહિત પોલીસ તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૪ ખાતે રહેતો ૧૫ વર્ષિય કિશોર નગરની ખાનગી શાળામાં ધો-૧૧ સાયન્યમાં અભ્યાસ કરે છે. ગત તા.૧૩ ઓકટોબરના રોજ તે પરિવાર સાથે સે-૧૭ કચ્છ કાઠીયાવાડ રાજપૂત સમાજ ટ્રસ્ટ ખાતે ગરબા જોવા માટે ગયો હતો. રાત્રીના ૧૨ વાગે ગરબા પૂર્ણ થયા બાદ કિશોર ગુમ થઈ ગયો હતો. કિશોરના માતા-પિતા આખી રાત બાઈક પર કિશોરની શોધખોળ કરી હતી. બીજા દિવસે સચીનના મિત્રો અને સગા સ્નેહીજનોના ત્યાં શોધખોળ કરી હતી. પરંતુ કિશોરનો ક્યાંય પત્તો ન લાગતા આખરે કિશોરની માતાએ સેકટર-૨૧ પોલીસ મથકે પુત્રના અપહરણની ફરીયાદ નોંધાવી હતી. જો કે કિશોર મહેસાણા એસટી બસ સ્ટેન્ડમાંથી મળી આવ્યો હતો. ગરબામાંથી નીકળેલા સચિન ના કિસ્સામાં રૂ.૫૦ પડ્યા હતા. જેથી તે ગાંધીનગર ડેપોમાંથી બસમાં બેસીને મહેસાણા ઉતરી ગયો હતો અને ત્યાં જ બેસી રહ્યો હતો. કેસની તપાસ કરતા કે.એન.રાઠવા (પીઆઈ)એ વિવિધ ગ્રુપમાં કિશોરનો ફોટો અને વર્ણન સાથે મેસેજ ફરતા કર્યા હતા. આ મેસેજ વાંચીને મહેસાણા ડેપો ખાતે સિક્યુરીટી ગાર્ડે પરિવારનો સંપર્ક કર્યો હતો. મળેલી માહિતી અનુસાર ધો-૧૧ સાયન્સમાં ભણતો કિશોર એક પેપર ખરાબ ગયું હતું જેને પગલે સોમવારના રોજ કેમેસ્ટ્રીનું પેપર પણ ખરાબ જશે તે ડરના કારણે રવિવાર રાત્રે જ ગરબામાંથી ગુમ થઈ ગયો હતો.

કુમળીવયના બાળકો પર અભ્યાસ અને પરીક્ષાના પરિણામ અંગે મા-બાપ કે શિક્ષકો દ્વારા લાદવામાં આવતી વધુ પડતી અપેક્ષાનો બોજ બાળકોમાં માનસિક તણાવ પેદા કરી રહ્યો છે જે બાળકની સહનશકિત કરતા વધી જાય ત્યારે બાળક અણધાર્યા અણગમતા જોખમી પગલાં ભરવા સુધી પ્રેરાય છે. સે-૨૪ના આ બાળકનું ઘરેથી જતા રહેવું તે માત્ર તેના જ નહી પરંતુ શાળામાં ભણતા તમામ બાળકોના વાલીઓ માટે 'લાલબત્તી' સમાન ઘટના છે. સદભાગ્યે આ બાળકે વધુ કોઈ આકરું પગલું ભર્યું નથી.

# રોટરી ગરબા મહોત્સવમાં દુધ-પૌંઆના આસ્વાદ સાથે રાસ ગરબાની રમઝટ





ગાંધીનગર, તા.૧૫

શરદપૂર્ણિમાની રાત્રીએ ચંદ્રમા સોળે કલાએ ખિલે છે અને તેની ઉજજવળ અને શીતળ ચાંદની સૌ કોઈના મન લુભાવે છે. શરદપૂર્ણિમાની આવી અજવાળી રાત્રીએ શહેરની રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા 'રોટરી ગરબા મહોત્સવ ૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું હતું.

રોટરી ગરબા મહોત્સવ ૨૦૧૯માં સંસ્થાના સભ્યો, રોટોરેકસ સભ્યો સહિત આમંત્રિત મહેમાનો તથા પરિવારજનોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને મન મુકીને ગરબે રમ્યા હતા. રાસ ગરબાના સમાપને બેસ્ટ ડ્રેસ, બેસ્ટ પ્લેયર, બેસ્ટ કપલ, બેસ્ટ કીડ જેવા ઈનામો વિજેતા ખેલૈયાઓને આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સમાપન ગરમા ગરમ નાસ્તા સાથે શરદપૂર્ણિમાના ચંદ્રમાની શીતળ ચાંદનીમાં ઠારેલા દૂધ-પૌંઆના આસ્વાદ સાથે થયું હતું.

રંગોળીનું એક નામ 'અલ્પના' પણ છે. કહેવાય છે કે રંગોળી બનાવવી એ ખુબ શુભ છે તેની સકારાત્મકતા તમારા માનસિક તણાવને દુર કરે છે. રંગોળીનું મુખ્ય પ્રયોજન સુશોભન અને સકારાત્મકતા છે અને એમાંય દિવાળી અને રંગોળી એકબીજાના પર્યાય છે. દિવાળીના તહેવારોના પડઘમ સંભળાઈ રહ્યા છે ત્યારે મહિલાઓએ ઘરની સાફસફાઈ કરી સુશોભનની તૈયારી આરંભી છે. બજારોમાં પણ ધીમે ધીમે રોનક આવી રહી છે. રંગોળીના રંગો અને તેની વિવિધ ડિઝાઈન માર્કેટમાં આવી ગઈ છે અને મહિલાઓ ઘરના આંગણામાં દિવાળીના દિવસોમાં વિવિધ રંગોથી કલાત્મક અને મનમોહક રંગોળી બનાવવા ઉત્સુક છે.



# 'મિસાઈલ મેન' એપીજે અબ્દુલ કલામની જન્મજયંતિ સાયન્સ સિટી ખાતે ઉજવાઈ



ગુજરાત સાયન્સ સિટી ખાતે એપીજે અબ્દુલ કલામની ૮૮મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન વિવિધ હેન્ડસ ઓન એક્ટિવિટી નું પણ આયોજન કરવામાં આવ્યું હતું તથા બાળકોને હૉલ ઓફ સ્પેસ અને હૉલ ઓફ સાયંસની માર્ગદર્શક સાથેની ટુર કરાવવામાં આવી હતી .

ડૉ. કલામના જાણીતા સૂચનો બાળકો માટે ખાસ આકર્ષણ હતું આ ઉપરાંત તેમના પ્રેરક પુસ્તકો પણ બાળકો માટે મૂકવામાં આવ્યા હતા. હેંડ્સ ઓન એક્ટિવિટી દરમિયાન વિદ્યાર્થીઓએ સ્પેસ શટલનું મોડલ બનાવ્યું હતું. ત્યાર બાદ હૉલ ઓફ સ્પેસની માર્ગદર્શક સાથેની મુલાકાતમાં વિદ્યાર્થીઓને સ્પેસ સાયન્સમાં ભારતના યોગદાન વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. ૧૫મી ઓક્ટોબરને ડૉ. કલામ સાહેબના આદરમાં યુએન દ્વારા ૨૦૧૦ થી 'વર્લ્ડ સ્ટુડન્ટ ડે' તરીકે ઉજવણી કરાય છે ત્યારે સાયન્સ સિટી ખાતે વિદ્યાર્થીઓએ માટે વિવિધ કાર્યક્રમનું આયોજન કરાઈ ખરા અર્થમાં તેમની જન્મજયંતીની ઉજવણી કરાઈ હતી.

# જલારામ મંદિરમાં શરદોત્સવની પારિવારીક માહોલમાં ઉજવણી





ગાંધીનગર, તા.૧૫

શરદપૂર્ણિમાને દિવસે જલારામ સેવા સમાજ દ્વારા જલારામ મંદિર સે-૨૯ ખાતે ગરબા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સમાજના સભ્યો તથા શહેરીજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલૈયાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

જલારામ સેવા સમાજ દ્વારા સે-૨૯ જલારામ મંદિર ખાતે શરદપૂર્ણિમા નિમિત્તે ગરબા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સમાજના સભ્યોએ પરિવારજનો સાથે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત શહેરીજનોએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘૂમ્યા હતા. જેમાંથી શ્રેષ્ઠ ખેલૈયાઓને સંસ્થા દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સંસ્થા દ્વારા દૂધ-પૌંઆનો પ્રસાદ તથા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દક્ષાબેન રાજેશકુમાર ઠકકર તથા ગોંડલ મહિલા કોલેજના ચેરમેન રીનાબેન ભોજાણી, રાજકોટ મહિલા ભાજપ આઈ.ટી. સેલના કન્વિનર ધારાબેન વૈષ્ણવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાસ ગરબા સ્પર્ધામાં નિર્ણાયક તરીકે રવિ પટેલ, કરિશ્મા પાટલિયા અને બ્રિજેશ પંચાલે સેવા પુરી પાડી હતી. સંસ્થાના પ્રમુખ સેવંતીલાલ ઠકકર સાથે સંસ્થાના સભ્યો, લોહાણા યુવા સંગઠનના હોદ્દેદારો તથા સભ્યો સાથે લોહાણા મહિલા મંડળની બહેનોનો વિશિષ્ટ ફાળો રહ્યો હતો.